દાખલ તારીખ:–૧૧/૦૩/૨૦૨૪
ફેસલ તારીખ:– ૧૩/૧૨/૨૦૨૪
કુલ સમય ગાળો:–
વર્ષ–૦૦, માસ–૦૯, દિવસ–૦૨

**સુરતના ચોથા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

ક્રિ.કે.નં.૪૪૭૫૦/૨૦૨૪
આંક–

ફરીયાદી:– શ્રી સરકાર.

**વિરુધ્ધ**

આરોપીઓ:– **૧. મદનલાલ મોહનલાલ લુહાર,**
ઉ.વ.–૩૮, વ્યવસાય:–ડ્રાઈવીંગ,
રહે. પ્લોટ નં.૧, સાંઈનગર સોસાયટી, આસપાસ મંદિર સામે,
ગોડાદરા, સુરત
મુળ ગામ પોટલા થાના–ગંગાપુર તહે. સાહડા, જી.ભીલવાડા (રાજસ્થાન)
**૨. રૂપાલીબેન તે સુનિલભાઈ બાલુભાઈ પાટીલની પત્ની,**
ઉ.વ.–૩૮, વ્યવસાય:–ઝાડુ પોતાની મજુરીકામ,
રહે. ઘર નં.૩૫, માનસરોવર સોસાયટી, ડીંડોલી, સુરત
મુળ ગામ–ઈટવે ઈંટનેર, તા.પારોલા, જી. જલગાંવ (મહારાષ્ટ્ર)

**ગુન્હો:– ઈ.પી.કોડની કલમ–૫૦૦, ૫૦૭, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ની કલમ–૬૬(સી), ૬૭(એ)મુજબ.**

**ફરીયાદપક્ષે:– મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી પક્ષે :–વિ.વ.શ્રી એસ.બી.પવાર**

**ચુકાદો**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત :

ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી વર્ષ ૨૦૧૭ મા "Rajesh.chorsiya.982" ના નામથી ફેસબુક એપ્લીકેશનમા આઈ.ડી. બનાવેલ હોય જે આઈ.ડીનો આરોપી નં.૧ નાએ આઈ.ડી. પાસવર્ડ કોઈક રીતે મેળવી લઈ "Rajesh.chorsiya." ના નામથી એડીટ કરી તેમા ફરીયાદી તથા ફરીયાદીના પરીવારના ફોટોગ્રાફ અગાઉ અપલોડ કરેલ હોય જેમા તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ વેબસાઈટ ઉપર જોવા મળતા બિભત્સ વિડીયો અપલોડ કરેલ ત્યારબાદ આરોપી નં.૧ નાએ ફરીયાદીની પત્ની સાહેદ સીતાદેવીનો ફોટો Cut Paste photos નામની એપ્લીકેશનમા એડીટ કરી ફરીયાદી તથા ફરીયાદીની પત્નીને બદનામ કરવાના ઈરાદાથી ચહેરાનો ઉપયોગ કરી બિભત્સ ફોટો બનાવી તે ફોટોગ્રાફ પોતાની મિત્ર આરોપી નં.૨ ને વોટસઅપ એપ્લીકેશન ધ્વારા મોકલી તે ફોટો ફરીયાદીની પત્ની સાહેદ સીતાદેવીના મોબાઈલ ફોન ઉપર મોકલવાનુ જણાવતા જે બિભત્સ ફોટોગ્રાફ મહીલા આરોપીએ ફરીયાદીની પત્નીના મોબાઈલ ફોનમા વોટસઅપ એપ્લીકેશન ધ્વારા મોકલી આપી ફોન કરી ફરીયાદીની પત્નીને બિભત્સ ભાષામા ગાળ ગલોચ કરી ઉપરોકત બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગુનો આચરેલ હોય,ઈ.પી.કોડની કલમ– ૫૦૦, ૫૦૭, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ની કલમ–૬૬(સી), ૬૭(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે.

(૨) ન્યાયિક કાર્યવાહી:

(૨.૧) સદર ચાર્જશીટ ના કેસ ના પેપર્સ વંચાણે લઈને આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાના હેતુથી સમન્સ કાઢવાનો હુકમ થયેલ. ત્યારબાદ, આરોપીઓને સમન્સ બજી જતા આરોપીઓ હાજર થતા તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કબૂલ કરેલ નથી, જેથી આરોપીઓ વિરૂધ્ધ કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલાં છે :–

**:: મૌખિક પુરાવા ::**

| અ.નુ.નં. | મૌખિક પુરાવો. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી રાજેશભાઈ સભાપતી સોરસીયાની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |
| ૨. | સાહેદ સીતાદેવી રાજેશભાઈ સોરસીયાની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૩. | પંચ સાહેદ અનિતાદેવી સંતકુમાર નનકુની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |
| ૪. | પંચ સાહેદ સંતકુમાર નનકુ યાદવની સોગંદ ઉપરની જુબાની | ૧૫ |

**:: દસ્તાવેજી પુરાવા ::**

| અ.નુ.નં. | દસ્તાવેજી પુરાવો. | આંક |
|---|---|---|
| ૧. | અજાણ્યા ફોન નંબરથી ગાળો આપવામા આવેલ તે બાબતની અરજી | ૦૮ |
| ૨. | ફરીયાદ | ૦૯ |
| ૩. | આરોપીનુ શરીરસ્થિતી તથા કબજે કરવામા આવેલ મુદ્દામાલનુ પંચનામુ | ૧૪ |
| ૪. | આરોપીનુ શરીરસ્થિતી તથા કબજે કરવામા આવેલ મુદ્દામાલનુ પં ચનામ | ૧૬ |

ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સીવાય વિશેષ કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

(૩.૧) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો આપવો ન હોય ફરિયાદ પક્ષે મૌખીક વિનંતીથી પોતાનો પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષ ધ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કેસમાં આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતા આ કામના આરોપીઓએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપીને જણાવેલ કે તમામ પુરાવા મારી અથવા મારા ધ્વાર નિમાયેલ વકીલશ્રીના સમક્ષ લેવામાં આવ્યા છે અને બાકી

તમામ સવાલોના જવાબો નકારમાં આપી વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ કહેવાતો ગુનો કરેલ નથી શંકાનો લાભ આપવો જોઈએ. આરોપીઓનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ આ કામે સરકાર શ્રી તરફે વી.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે ફરિયાદ પક્ષે આરોપીઓ સમક્ષ આક્ષેપિત ગુનાઓને નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. જયારે આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ કે ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેઓના કેસમા શંકા ફલિત થાય છે.

(૪) મુદાઓ:

સદર કામે બંને પક્ષની દલીલો તથા રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતા નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે:

(૪.૧) શું ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી વર્ષ ૨૦૧૭ મા "Rajesh.chorsiya.982" ના નામથી ફેસબુક એપ્લીકેશનમા આઈ.ડી. બનાવેલ હોય જે આઈ.ડીનો આરોપી નં.૧ નાએ આઈ.ડી. પાસવર્ડ કોઈક રીતે મેળવી લઈ "Rajesh.chorsiya." ના નામથી એડીટ કરી તેમા ફરીયાદી તથા ફરીયાદીના પરીવારના ફોટોગ્રાફ અગાઉ અપલોડ કરેલ હોય જેમા તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ વેબસાઈટ ઉપર જોવા મળતા બિભત્સ વિડીયો અપલોડ કરેલ ત્યારબાદ આરોપી નં.૧ નાએ ફરીયાદીની પત્ની સાહેદ સીતાદેવીનો ફોટો Cut Paste photos નામની એપ્લીકેશનમા એડીટ કરી ફરીયાદી તથા ફરીયાદીની પત્નીને બદનામ કરવાના ઈરાદાથી ચહેરાનો ઉપયોગ કરી બિભત્સ ફોટો બનાવી તે ફોટોગ્રાફ પોતાની મિત્ર આરોપી નં.૨ ને વોટસઅપ એપ્લીકેશન ધ્વારા મોકલી તે ફોટો ફરીયાદીની પત્ની સાહેદ સીતાદેવીના મોબાઈલ ફોન ઉપર મોકલવાનુ જણાવતા જે બિભત્સ ફોટોગ્રાફ મહીલા આરોપીએ ફરીયાદીની પત્નીના મોબાઈલ ફોનમા વોટસઅપ એપ્લીકેશન ધ્વારા મોકલી આપી ફોન કરી ફરીયાદીની પત્નીને બિભત્સ ભાષામા ગાળ ગલોચ કરી ઉપરોકત બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગુનો આચરેલ હોય,ઈ.પી.કોડની

કલમ– ૫૦૦, ૫૦૭, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ની કલમ–૬૬(સી), ૬૭(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે કે કેમ?

(૪.૨) શું હુકમ ?

(૫) મુદાઓ ઉપર નિર્ણય:

ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૫.૧) નકારમાં.

(૫.૨) આખરી હુકમ મુજબ.

(૬) કાયદાકીય બિંદુ, પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :

(૬.૧) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે અને ફરિયાદ પક્ષે પોતાની હકીકતો નિ:શંકપણે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદ નો લાભા લેવા માગતા હોય તો તેમણે પુરાવાની કાયદાની કલમ – ૧૦૫ મુજબ સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતા વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકત નું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. આમ, ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને રાખતા ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન આરોપી વિરૂધ્ધ આક્ષેપિત તહોમતને અનુરૂપ મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૬.૨) આંક–૦૭ થી આ કામે ફરીયાદી રાજેશભાઈ સભાપતિ સોરસીયાને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ કે બનાવ સમયે ૨૦૨૩ ની સાલમા બનેલો બનાવમા તેઓ તેમજ તેમની પત્ની એન્ડ્રોઈડ ફોનનો ઉપયોગ કરે છે અને જેમા

રાજેશ સોરસીયા નામની આઈ.ડી. બનાવેલ અને તેઓ ફેસબુક એપના ઉપયોગમા તેમના તેમજ તેમના પરીવારના ફોટા અપલોડ કરતા હતા. જે એપમા કોઈ અજાણ્યા વ્યકિતએ તેમનો પાસવર્ડ તેમજ આઈ.ડી. મેળવી તેમા પોર્ન વેબસાઈડ પર બીભત્સ વીડીયો અપલોડ કરેલા હોય જે અંગેની જાણ થતા તેઓ અજાણ્યા વ્યકિત સામે પોલીસ સ્ટેશનમા લેખીત અરજી આપેલી.

આ કામના ફરીયાદી ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તવી કોઈ હકીકત ફરીયાદી જણાવેલ નથી.

ફરીયાદી બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવેલ છે કે, તેમની પત્નીના બીભત્સ ફોટા કોણે વાયરલ કરેલા તે ઈસમને તેઓ ઓળખતા નથી તથા જે આઈ.ડી. પર ફોટા મોકલેલ તે આઈ.ડી. કયા ઈસમની હતી તે તેઓને ખખર નથી.

(૬.૩) આંક–૧૦ થી આ કામે સાહેદ સીતાદેવી રાજેશભાઈ સોરસીયાને તપાસવામાં આવેલ છે તેણી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ કે બનાવ સને ૨૦૨૩ ની સાલમા બનેલો બનાવમા તેણી તેમજ તેણીના પતિ એન્ડ્રોઈડ ફોનનો ઉપયોગ કરે છે અને જેમા રાજેશ સોરસીયા નામની આઈ.ડી. બનાવેલ અને તેણી ફેસબુક એપના ઉપયોગમા તેણીના તેમજ તેણીના પરીવારના ફોટા અપલોડ કરતા હતા. જે એપમા કોઈ અજાણ્યા વ્યકિતએ તેણીના પતિની પાસવર્ડ તેમજ આઈ.ડી. મેળવી તેમા પોર્ન વેબસાઈડ પર બીભત્સ વિડીયો અપલોડ કરેલા હોય જે અંગેની જાણ થતા તેણીના પતિએ અજાણ્યા વ્યકિત સામે પોલીસ સ્ટેશનમા લેખીત અરજી આપેલી. આ વીડીયો અપલોડ કરનાર વ્યકિત કોણ છે તેની તેણીને ખબર નથી તેણીને તે અંગે કોઈ જાણ મળેલ નહી.

આ કામના સાહેદ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલ

છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તવી કોઈ હકીકત સાહેદે જણાવેલ નથી.

સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવેલ છે કે, તેણીના બીભત્સ ફોટા કોણે વાયરલ કરેલા તે ઈસમને તેણી ઓળખતી નથી તથા જે આઈ.ડી. પર ફોટા મોકલેલ તે આઈ.ડી. કયા ઈસમની હતી તે તેણીને ખબર નથી.

(૬.૪) આ કામે આંક–૧૩ થી પંચ સાહેદ અનિતાદેવી સંતકુમાર નનકુને તપાસવામાં આવેલ છે તેણી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકીકત પંચ સાહેદે જણાવેલ નથી.

(૬.૫) આ કામે આંક–૧૫ થી પંચ સાહેદ સંતકુમાર નનકુ યાદવને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકીકત પંચ સાહેદે જણાવેલ નથી.

(૬.૬) આ કામે પુરાવાનુ વિશ્લેષણ કરવામાં આવે તો આ કામના ભોગ બનારનાઓએ જાતે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. અત્રે નોંધનીય છે કે, આ કામના આરોપીઓના મોબાઈલ ફોન બે પંચો રુબરુ કબજે લેવામા આવેલો પરં તુ સદર પંચ સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં આરોપીઓનાઓનુ કહેવાતા મોબાઈલો કબજે લેવામા આવેલ હોય તો પણ આ કામે પોલીસે, આરોપીનો મોબાઈલ કબ્જે કરી સદર મોબાઈલને એફ.એસ.એલ. ખાતે મોકલાવેલ હોય તેવી પણ કોઈ વિગત અત્રેની કોર્ટ સમક્ષ આવેલ નથી.

વધુમાં આવી કોઈ કહેવાતી ફોટો કે વીડીયોનુ કોઈ પ્રસિધ્ધી થયેલ હોય તેવુ પણ રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે જયારે ભોગ બનનારે જાતે જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીનાઓએ, સાહેદનાઓના બિભત્સ ફોટા બનાવીને તે ફોટાને સાહેદ તથા ફરીયાદીનાઓને મોકલી આપેલા તેમજ ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના ફરીયાદીનાઓએ સદરહું કહેવાતા આરોપીઓ જોડે વાત પણ કરેલી અને સાથે જ સદરહું કહેવાતા મોબાઈલ નંબર પણ ફરીયાદમા જણાવેલા પરંતુ રેકર્ડ ઉપર આવેલ પુરાવા ધ્યાને લેવામા આવે તો ભોગ બનનાર સાહેદે જ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓએ કે અન્ય કોઈ સાહેદે આવા કહેવાતા નંબર અંગેનુ વર્ણન પણ અત્રેની કોર્ટ સમક્ષ કરેલ નથી.

આ કામના આરોપીઓએ જ ફરીયાદી કે સાહેદનાઓનો પાસવર્ડ મેળવી તેઓની આઈ.ડી.મા પ્રવેશ કરી સદરહું ગુનો કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો અત્રેની કોર્ટના રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં, જે કહેવાતી આઈ.ડી. માંથી સાહેદનાઓની કહેવાતી બિભત્સ ફોટો કે વિડીયો પ્રસિધ્ધ કરવામા આવેલી તે આઈ.ડી. આ કામના આરોપીઓની જ હોય તેવા કોઈ સચોટ પુરાવા પણ અત્રેની કોર્ટના રેકર્ડ પર રજુ રાખવામા આવેલ નથી.

આ કામના આરોપીઓએ, અન્ય કોઈ વ્યકિતની આઈ.ડી. માં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલ હોય કે આ કામના ભોગ બનનારનાઓની પરવાનગી વગર તેઓનુ કોઈ ચીત્ર જાહેર કર્યા હોય કે ભોગ બનનાર કે અન્ય કોઈ સાહેદની બદનક્ષી કરેલ હોય તે અં ગેનો કોઈપણ સચોટ અને કડીબધ્ધ પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં આ કામના આરોપીઓએ ટેલીફોનીક માધ્યમથી ફરીયાદી કે સાહેદોને કોઈ ધમકી આપેલ હોય તેવી કોઈ વિગત આ કામના ફરીયાદી કે સાહેદે જણાવેલ નથી.

(૬.૭) હાલના કામે તપાસવામાં આવેલ ફરીયાદી, સાહેદ તથા પંચ સાહેદોની જુબાનીનુ વિશ્લેષણ કરતા, આરોપીઓને આ ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર

ફરીયાદપક્ષ લાવી શકેલ નથી અને ફરીયાદપક્ષ ધ્વારા કરેલ રજુ સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતાં ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે આ કામના ફરીયાદી વર્ષ ૨૦૧૭ મા "Rajesh.chorsiya.982" ના નામથી ફેસબુક એપ્લીકેશનમા આઈ.ડી. બનાવેલ હોય જે આઈ.ડીનો આરોપી નં.૧ નાએ આઈ.ડી. પાસવર્ડ કોઈક રીતે મેળવી લઈ "Rajesh.chorsiya." ના નામથી એડીટ કરી તેમા ફરીયાદી તથા ફરીયાદીના પરીવારના ફોટોગ્રાફ અગાઉ અપલોડ કરેલ હોય જેમા તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ વેબસાઈટ ઉપર જોવા મળતા બિભત્સ વિડીયો અપલોડ કરેલ ત્યારબાદ આરોપી નં.૧ નાએ ફરીયાદીની પત્ની સાહેદ સીતાદેવીનો ફોટો Cut Paste photos નામની એપ્લીકેશનમા એડીટ કરી ફરીયાદી તથા ફરીયાદીની પત્નીને બદનામ કરવાના ઈરાદાથી ચહેરાનો ઉપયોગ કરી બિભત્સ ફોટો બનાવી તે ફોટોગ્રાફ પોતાની મિત્ર આરોપી નં.૨ ને વોટસઅપ એપ્લીકેશન ધ્વારા મોકલી તે ફોટો ફરીયાદીની પત્ની સાહેદ સીતાદેવીના મોબાઈલ ફોન ઉપર મોકલવાનુ જણાવતા જે બિભત્સ ફોટોગ્રાફ મહીલા આરોપીએ ફરીયાદીની પત્નીના મોબાઈલ ફોનમા વોટસઅપ એપ્લીકેશન ધ્વારા મોકલી આપી ફોન કરી ફરીયાદીની પત્નીને બિભત્સ ભાષામા ગાળ ગલોચ કરી ઉપરોકત બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગુનો આચરેલ હોય,ઈ.પી.કોડની કલમ- ૫૦૦, ૫૦૭, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ-૨૦૦૮ની કલમ-૬૬(સી), ૬૭(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે.

(૬.૮) ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય સદરહું ગુનામાં આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી, જેથી મુદા નં.૧નો જવાબ "નકાર "માં ઠરાવી આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના મંતવ્ય ઉપર આવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::આખરી હુકમ::–**

આ કામના આરોપી **નં.૧ મદનલાલ મોહનલાલ લુહાર,** ઉ.વ.–૩૮, વ્યવસાય:–ડ્રાઈવીંગ, રહે. પ્લોટ નં.૧, સાંઈનગર સોસાયટી, આસપાસ મંદિર સામે, ગોડાદરા, સુરત, મુળ ગામ પોટલા થાના–ગંગાપુર તહે. સાહડા, જી.ભીલવાડા (રાજસ્થાન), **૨. રૂપાલીબેન તે સુનિલભાઈ બાલુભાઈ પાટીલની પત્ની,** ઉ.વ.–૩૮, વ્યવસાય:–ઝાડુ પોતાની મજુરીકામ, રહે.ઘર નં.૩૫, માનસરોવર સોસાયટી, ડીંડોલી, સુરત, મુળ ગામ–ઈટવે ઈંટનેર, તા.પારોલા, જી. જલગાંવ (મહારાષ્ટ્ર)નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૦, ૫૦૭, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ની કલમ–૬૬(સી), ૬૭(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

મુદ્દામાલો મોબાઈલો બાબતે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ કરતો હુકમ કરવામા આવે છે અન્યથા મુદ્દામાલો મોબાઈલો બાબતે વચગાળાનો હુકમ કરવામા આવેલ ન હોય તો અપીલ સમય વિત્યેથી તેના માલીકની ખરાઈ કરીને પરત સોંપવાનો તથા અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

આરોપીઓ આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ, હાલના કેસમાં આરોપીઓને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય તેથી ચુકાદો જાહેર કરવામાં વિલંબ ટાળવા સારૂ હાલનો ચુકાદો ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૫૩(૬) અન્વયે આરોપીઓની ગેર હાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

આરોપીઓએ અગાઉ આપેલ બેઈલ બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ પીરીયડ સુધી

આરોપીઓએ રૂા.૧૦,૦૦૦/– પુરાનાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે ડિસેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૧૨/૨૦૨૪
સુરત

(કર્ણ અજીત મારવાહા)
ચોથા એડી.સિવિલ જજ અને જયુડી.મજી.ફ.ક.,સુરત.
જીજે–૦૧૫૫૮